
લખવું એટલે
મૃત્યુ પામવું

એટલે કે
કોઈક પ્રાચીન લિપિ તળે દટાઈને
મરણ પામેલા પતંગિયા સાથે
વાત માંડવી

મૃત્યુ પામવું
એટલે લખવું

એટલે કે હમણાં જ
ગર્ભપાતમાં મરણ પામેલા શિશુની આંખમાં
દોરડે લટકીને મરી ગયેલા
ચંદ્રના પડછાયાની નીચે
પડી રહેલા મેઘધનુષના હાડપિંજરની
અંતિમવિધિ કરવી

એટલે કે કાગળમાં ડૂબવું
અને બાગળમાં તર્યા કરવું.



શબ્દ
કાગળમાં


હાડકું
રણમાં

એક, ચક્રવાતના દાંતમાં
બીજું, એની નાભિમાં

એક ઊગે મરણ
બીજું લેખન

એ બેની વચ્ચે
શબ
એક આગિયાનું

ન ટમ
ન ટમે.



અક્ષર
ઈશ્વરની પીડાના પડછાયાનું
એક શિલ્પ

ખંડિત
અંદરથી
અને
બહારથી
પણ...

અક્ષર

શબ્દકોશમાં હોય
ત્યારે
ઝબકે
આગિયાની જેમ

કાવ્યમાં હોય
ત્યારે
બળે
અંગારાની જેમ

કવિ, આગિયા અને અંગારા વચ્ચે

વનમાં સોનબાઈ એકલાં...

અક્ષર
      કાગળ પર
ચક્રવાત
      ધૂળમાં


એક : કીડીની પીઠ પર
બીજું : કીડીનાં પગલાંમાં

એક : બાળકના ચિત્તમાં જન્મેલો મૃત્યુનો વિચાર
બીજું : સૂરજમુખીના ફૂલનો સોનેરી રંગ


એક : છાયા બની લટકે મેઘધનુષ પર
બીજું : સૂરજ બનીને આથમે

ક્યારેક
      પથ્થરમાં
ક્યારેક
      ધૂળમાં

ચક્રવાતને એકલું લાગે ત્યારે
એ શબ્દ પાસે જાય
ને શબ્દ...



વ્યાકરણશાસ્ત્રીઓની
સ્વરો અને વ્યંજનો સાથે
સૂવાની ઇચ્છાનાં અસ્થિ
તે
ય અને વ.



લખવું એટલે
વ્યંજનો અને સ્વરોની પાંપણો પર
ધરતીકંપને નચાવવો

'લખવું એટલે' એક વાર
ચંદ્રના પૂર્વજોએ મને કહેલું :
'સાપની પૂંછડી પરથી
પાણીના પડછાયા વેડવા.'

એટલે કે
આ અને હવે પછીના સાત જનમ
પીડાને લખી આપવા.

લખવું એટલે
જીવનને
	મરણનો
અને મરણને
	જીવનનો
પુરાવો આપવો

એટલે કે
જે ગંગાસતીએ કર્યું છે એ કરવું.

એટલે કે
જેના સ્વરો સુકાઈ ગયા છે
એ ગીતને
પ્રલંબ સ્વરે ગાવું


એટલે કે
જેણે પોતાનો દેહ ખોઈ નાખ્યો છે
એવા પ્રેમી/એવી પ્રેયસી સાથે
શયન કરવું.

લખવું એટલે
ઈશ્વરનો પડછાયો કાપી
એમાંથી પીડાને પ્રગટ કરી શકે
એવા મૂળાક્ષર બનાવવા

એટલે કે
જે સ્થળકાળ નિરપેક્ષ છે એનું
સ્વરો અને વ્યંજનોમાં
રૂપાન્તર કરવું

એટલે કે
અનન્તનું વિરામચિહ્નોમાં
ને વિરામચિહ્નોનું કીડીમંકોડામાં
રૂપાન્તર કરવું

જેણે સોયની અણિ પર વાવાઝોડાને
મેઘધનુષો સાથે નૃત્ય કરતાં જોયું હોય
એ જ આ કામ કરી શકે.



લખવું એટલે
સ્પર્શવું

મૃત મયૂરનાં પીંછાંમાં
વેરવિખેર થઈ ગયેલા
આપણા સમયની
મોઢામોઢ થવું

એટલે કે
આપણા સમયને સાચવવા
મૃત મયૂરનાં પીંછાંને
કક્કાવારી પ્રમાણે ગોઠવવાં.



લખવું એટલે કે
મરી ગયેલા પંખીની આંખમાં
ઈશ્વરની સાચી જોડણી શોધવી

એટલે કે
આંખોને અધ્ધર લટકાવી
પડતું મૂકવું
કાગળની સફેદાઈમાં.

એક સાપનો પડછાયો એના દાંતમાં
ચંદ્ર લઈને ફરી રહ્યો છે
એક પંક્તિએથી
બીજી પંક્તિએ

એક શબ્દથી
બીજા શબ્દે

એક અક્ષરથી
બીજા અક્ષરે

એક જન્મથી
બીજા જન્મે

પાડી રહ્યો છે લિસોટા

કવિ લખે છે :
લખવું એટલે
સાપના લિસોટાઓમાં
શૈશવની શોધ કરવી
એટલે કે ગયા ભવના ખીલા બહાર કાઢવા[1].

1 રાવજી: *'ગયા ભવના ખીલા કળે છે છાતીમાં'*




હસ્તાક્ષર,
હાથની ગતિનો
શિલાલેખ

યંત્રાક્ષર,
હાથની ગતિનો
મૃતદેહ

એક સર્જકના ચહેરાનો
સમાનાર્થી
બીજો
વિરોધાર્થી.

એક સાપ
બીજની અંદર રહેલા વૃક્ષ પર
        ચડવાનો
પ્રયાસ કર્યા કરે છે
        ક્યારનોય
પોતાની કોટમાં
એક મરી ગયેલા પતંગિયાને
માદળિયાની જેમ
        લટકાવીને.

સત્ય વાટ જુએ છે
એ સાપ વૃક્ષ પર
ચડી જાય એની.



લખવું એટલે કે
કાગળની સફેદાઈને
ભરી દેવી માનવવસ્તિથી

જે મરણશીલ છે એ જ
આ કામ કરી શકે.

એક
　　અક્ષર
એક
　　ઘા
એક
　　કાગળ પર
બીજો
　　દેહ પર
એ બેની વચ્ચે
એક કરોળિયો
પીઠ પર
નક્ષત્રો નાખીને
જઈ રહ્યો છે.



ચંદ્ર
અને
ઘા
અદલાબદલી કરે છે
પોતપોતાનાં સ્થાનનો

ચંદ્ર
હવે
શરીર પર
ઘા
હવે
આકાશમાં

એક દૂઝે
લોહી
બીજો
Wound-light.